**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૧.૨ ડીગ્રી
લઘુતમ : ૨૩.૦ ડીગ્રી
ભેજ
સવારે ૯૩ ટકા ● સાંજે ૮૫ ટકા

# સે-૧૩-એ કોમન ચોકમાં દબાણનો અજગરી ભરડો

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર શહેરના સેક્ટર-૧૩ એ ના કોમન ચોકમાં એક વસાહતી દ્વારા વરંડો બનાવી દબાણ ઉભુ કર્યુ છે. આ દબાણમાં જુનો ભંગાર સામાન મુકી રાખતા તેમાં ઝેરી જીવજંતુઓ વસવાટ કરે છે.ત્યારે કોમનચોકમાં બાળકો રમતા હોવાથી તેમના જીવને પણ ઝોખમ રહેલું છે. સ્થાનિક વસાહતીઓએ મેયર અને સ્થાનિક કોર્પોરેટરનો દબાણ હટાવવા અનેકવાર લેખિત તેમજ મૌખિક રજુઆત કરી હોવા છતા હજુ સુધી કોઈ નિવેડો આવ્યો નથી.

ગાંધીનગર શહેરમાં દબાણ, રખડતા ઢોર અને ગંદકી એ મુખ્ય પ્રશ્ન છે. જે આજદીન સુધી વસાહતીઓ દ્વારા અનેકવાર રજુઆત કરવા છતા નિવેડો આવ્યો નથી. શહેરના માર્ગો તેમજ સેકટરના આંતરીક રસ્તાઓ પર લારી-ગલ્લા તેમજ ઝુંપડાઓના અસંખ્ય દબાણ ઉભા થઈ ગયા છે. તંત્ર દ્વારા સમયાંતરે દબાણ હટાવવાની કામગીરી તંત્ર દ્વારા કરવામાં આવે છે.પરંતુ પાછુ નિયત સ્થળે દબાણ ઉભુ થઈ જાય છે. દબાણના પ્રશ્નને પગલે અધિકારીઓ પણ માથું ખંજવાળતા નજરે પડે છે. ત્યારે સેકટર-૧૩ એ માં પ્લોટ નં-૫૯૪-૧ ખાતે કોમન પ્લોટ આવેલ છે. જેમાં સ્થાનિક નાગરીકે વરંડો કરીને દબાણ ઉભુ કર્યુ છે. જેમાં જુનો ભંગાર તેમજ રીક્ષા સહિત જુનો કાટમાળ પડેલો છે.આ ભંગાર પડેલા સામાનમાં ઝેરી-જીવજંતુઓ વસવાટ કરે છે. ત્યારે આ કોમન ચોકમાં બાળકો પણ રમતા હોય છે. જેથી બાળકોના આરોગ્ય સામે પણ ખતરો ઉભો થવા પામ્યો છે. ત્યારે કોમન ચોકમાં રહેલા દબાણને પગલે લેખિત તેમજ મૌખિક રજુઆત તંત્ર સમક્ષ કરી છે છતા હજુ સુધી કોઈ પગલા લેવાયા નથી. ત્યારે કોમન ચોકમાં રહેલુ દબાણ સત્વરે દુર થાય તેમ સ્થાનિક નાગરીકો ઈચ્છી રહ્યા છે.





## @ગાંધીનગર

● પ્રિટી વુમન્સ કલબ દ્વારા સે-૧૨ ઉમા સમાજ ભવન ખાતે એક્ઝીબીશન કમ સેલ સવારે ૯ કલાકથી યોજાશે.

● ન્યુટ્રીશન વીક સેલિબ્રેશન સ્વાગત રેઈન ફોરેસ્ટ-૨, બ્લોક-સી, નંબર ૨૦૧ ખાતે સવારે ૧૧ થી ૧ કલાક અને બપોરે ૪ થી ૬ કલાક દરમિયાન યોજાશે.

● માં મેલડી આનંદ ગરબા મંડળ સે-૩-સી દ્વારા આનંદનો ગરબો પીન્કીબેન પટેલ, સૌંદર્ય-૪૪૪ એ-૧૪૪, સરગાસણ ખાતે બપોરે ૨ થી ૫ કલાક દરમિયાન યોજાશે.

# શહેરમાં ગત સપ્તાહે કમળાના ૬૪ કેસ નોંધાયા

ગાંધીનગર, તા.૧

સમગ્ર રાજયમાં સ્વાઈન ફલુ હાહાકાર મચાવી રહ્યો છે. ગાંધીનગર શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં પણ સ્વાઈન ફલુના કેસ સામે આવી રહ્યા છે ત્યારે ભેજવાળી આબોહવાને પગલે પાટનગરમાં વાયરલ ફીવરના દર્દીઓનો આંક પણ સતત વધી રહ્યો છે તો બીજીતરફ ગત્ સપ્તાહમાં મેલેરીયાના-૧૭, ટાઈફોઈડના -૭ ડેન્ગ્યુના - ૨ તેમજ કમળાના ૬૪ દર્દીઓ નોંધાયા છે. શહેરમાં કમળાએ કહેર વર્તાવ્યો છે. શહેરમાં પાણીજન્ય અને વાહકજન્ય રોગચાળો જે રીતે વધી રહ્યો છે.તે જોતા જિલ્લા આરોગ્ય વિભાગ પણ ચિંતિત નજરે પડી રહ્યું છે. ત્યારે આરોગ્ય તંત્ર દ્વારા રોગચાળાને કાબુમાં કરવા પ્રયત્નો હાથ ધરવામાં આવી રહ્યા છે.

ગાંધીનગર શહેરનો રોગચાળાએ અજગરી ભરડો લીધો હોય તેવુ લાગી રહ્યું છે. શહેરમાં વેચતા બિન આરોગ્યપ્રદ ખોરાકને પગલે દર્દીઓની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે. શહેરમાં સ્વાઈન ફલુના કેસ પણ સામે આવી રહ્યા છે. સ્વાઈન ફલુની ઓપીડીમાં રોજના ૧૮૦ જેટલા દર્દીઓ સારવાર માટે આવે છે. શહેરમાં ઘરે ઘરે બિમારીના ખાટલા છે રોજ સાંજ પડતા જ પ્રાઈવેટ કલીનીકમાં દર્દીઓની લાંબી કતારો જોવા મળે છે. ત્યારે શહેરની હોસ્પિટલ પણ દર્દીઓથી ઉભરાઈ રહી છે. શહેરમાં ગત્ તા.૨૧ થી ૨૭ ઓગસ્ટ દરમિયાન મેલેરીયાના -૧૭, ટાઈફોઈડના - ૭, ડેન્ગ્યુના-૨ તેમજ કમળાના ૬૪ કેસ નોંધાયા છે. ત્યારે કમળાના કેસને પગલે ખુદ આરોગ્ય તંત્ર પણ દોડતુ થઈ ગયુ છે. શહેરમાં ભેજવાળી આબોહવાને પગલે દર્દીઓની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે. શહેરીજનો દ્વારા આરોગવામાં આવતા બિન આરોગ્યપ્રદ ખોરાકને પગલે પણ દર્દીઓની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે. જયારે પાણીજન્ય અને વાહકજન્ય રોગાચાળાને કાબુમાં કરવા તંત્ર પણ સાબદુ બની ગયુ છે.અને રોગચાળાને કાબુમાં કરવા પ્રયત્નો કરી રહ્યું છે.

# ભાટ નદીમાં વિસર્જન દરમ્યાન ડુબેલા અન્ય બંને યુવાનોનાં મૃતદેહ મળ્યા

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર નજીક ભાટ નદીમાં ગઈ મોડી સાંજે ગણપતિ વિસર્જન દરમ્યાન એક યુવાન ડુબ્યો હતો અને તેને ડુબતા જોઈ ગયેલા અન્ય બે યુવાનો તેને બચાવવા ગયા અને તે બંને પણ તણાઈ જતા ત્રણેય યુવાનો ડુબી ગયા હોવાની ઘટના બની હતી. આ બનાવ બાદ ગઈ મોડી સાંજે એક યુવાનનો મૃતદેહ મળી આવ્યો હતો અને અન્ય બેની શોધખોળ ચાલી રહી હતી. દરમ્યાન આજે સવારે અન્ય બંને ડુબેલા યુવાનોનાં મૃતદેહ પણ મળી આવતા ઈન્ફોસિટી પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી મૃતદેહ પી.એમ કરાવી કાર્યવાહી શરુ કરી છે. તો બીજી તરફ આ ઘટનાથી સમગ્ર પંથકમાં માતમ છવાઈ ગયો છે.

**એક યુવાનનો રાત્રે મૃતદેહ મળ્યો હતો અને અન્ય બે યુવાનોની શોધખોળ બાદ સવારે મૃતદેહ મળ્યા : પંથકમાં માતમ છવાયો**

અમદાવાદ અને ગાંધીનગરનાં અલગ અલગ વિસ્તારોમાંથી સંખ્યાબંધ ભક્તો ગણેશ વિસર્જન માટે ગઈ કાલે ભાટ નદી પાસે પહોંચ્યા હતા. વિસર્જન દરમ્યાન એક યુવાન નદીમાં અચાનક ખાડો આવતા ગરકાવ થઈ જતા ડુબવા લાગ્યો હતો અને આ ડુબી રહેલા યુવાન પર અન્ય બે યુવાનોનું ધ્યાન પડતા તે બંને યુવાનો ડુબતા યુવાનને બચાવવા પાણીમાં અંદર જતા રહ્યા હતા. બચાવવા પડેલા બંને યુવાનો પણ નદીમાં તણાઈ જતા શોકની કાલીમા છવાઈ ગઈ હતી. નદી પાસે સ્ટેન્ડ ટુ રાખવામાં આવેલી ફાયરબ્રિગેડની ટીમે નદીમાં તપાસ કરતા બચાવવા જતા ડુબી ગયેલા હિરાવાડી વિસ્તારનાં ૩૦ વર્ષિય ભરત સંપતરાજ સુખડીયાને મૃત હાલતમાં બહાર કાઢ્યો હતો. તો બીજી તરફ અન્ય બે ડુબેલા યુવાનોની શોધખોળ બાદ પણ કોઈ ભાળ મળી ન હતી. ભારે શોધખોળને અંતે આજે સવારે બંને યુવાનો ખોડીયારનગરનાં ૨૪ વર્ષિય આકાશ છગનલાલ સિંઘાણીયા અને વસ્ત્રાલનાં જૈમિન હર્ષદકુમાર પંડ્યાનો મૃતદેહ બહાર નિકાળી અકસ્માત મોતનો ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

## વાતવાતમાં

● ગાંધીનગરની યુકો બેંકમાંથી ૧૦ લાખની છેતરપીંડી થયાના કેસમાં નાણા પહેલા કોલકાત્તાની એસબીઆઈ બેંકમાં ટ્રાન્સફર કરાયા હતા જે પછી પીએનબી અને તેમાંથી કસુર વૈશ્ય બેંકમાં ટ્રાન્સફર થયા બાદ મલ્ટી ટ્રાન્ઝેકશન થકી એટીએમ દ્વારા ઉપાડી લેવામાં આવ્યા છે. બેંક કર્મચારીની ભૂલના કારણે સર્જાયેલી આ છેતરપીંડીના પગલે નિર્દોષ ખાતેદારને રાતા પાણીએ રોવાનો વારો આવ્યો હોવાથી ખાતેદાર હવે બેંક કર્મચારી વિરુધ્ધ પોલિસ ફરિયાદ કરવાનું વિચારી રહ્યો છે.

# સે-૨ ખાતે પાંચમીથી કલાઈમેટ ચેન્જ જન જાગૃતિ પ્રદર્શન

રાજય સરકારના કલાઈમેન્ટ ચેન્જ વિભાગ દ્વારા કલાઈમેટ ચેન્જ વિષયની વૈજ્ઞાનિક માહિતી અને વિભાગની યોજનાઓની માહિતી લોકો સુધી પહોંચે તેવા ઉમદા આશયથી દરેક જિલ્લામાં ત્રિ દિવસીય કલાઈમેટ ચેન્જનું પ્રદર્શન યોજવામાં આવી રહ્યું છે. જે અંતર્ગત ગાંધીનગર જિલ્લામાં તા. ૫ થી ૭ સપ્ટેમ્બર, ૨૦૧૭ના રોજ કલાઈમેટ ચેન્જ અંગેનું જન જાગૃતિ પ્રદર્શન યોજાનાર છે. આ પ્રદર્શન સેકટર-૨માં આવેલા સ્વામિનારાયણ મંદિરની પાછળના ભક્તિ માતા ભવન હોલ ખાતે યોજાશે. જાહેર જનતા આ પ્રદર્શન ત્રણ દિવસ દરમ્યાન દરરોજ સવારના ૧૦.૦૦ થી સાંજના ૭.૦૦ કલાક દરમ્યાન ખુલ્લું રહેશે. આ પ્રદર્શનમાં રહેણાંક મકાનો પરની સોલાર રૂફટોપ યોજનાની વિગતો અને રાજય સરકારની સબસીડી અંગેની પણ વિસ્તૃત માહિતી મળશે, તેવું કલાઈમેટ ચેન્જ વિભાગના સંયુક્ત સચિવ શ્રી મુકેશ શાહે અખબારી યાદીમાં જણાવ્યું છે.

# જે.બી. પ્રાથમિક શાળામાં વાલીઓનું સંમેલન યોજાયું

ગાંધીનગર, તા.૧

શ્રી જે.બી. પ્રાથમિક શાળા ધોરણ-૧ થી૨ ના વિદ્યાર્થીઓના વાલીઓની મીટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વાલીશ્રીઓએ હાજરી આપી હતી. બાળકોના વિકાસ અંગે ચર્ચા કરવામાં આવી હતી. વાંચન, લેખન, ગણનના અભ્યાસમાં ઝડપથી સુધારો થાય તે વિષે ચર્ચા કરવામાં આવી હતી. બાળકોએ વેશભૂષા રજુ કરી હતી. વાલીઓએ શિક્ષણ અંગેના અભિપ્રાય આપ્યા હતા. સંસ્થાની માહિતી પણ આપવામાં આવી હતી.

# દેશી પિસ્તોલ સાથે સે-૨૩ પાસેથી ૨૧ વર્ષીય રાજસ્થાની શખ્સ ઝડપાયો

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર એસ.પી વિરેન્દ્રસિંહ યાદવની સુચનાથી એસ.ઓ.જીની ટીમ ગેરકાયદે હથિયાર રાખતા અસામાજીક તત્વોને શોધી કાઢવા સક્રિય થઈ છે. દરમ્યાન પી.એસ.આઈ એલ.એસ.ચૌધરી અને ડી.ડી.પરમારની ટીમના હે.કો રાજેશકુમારને બાતમી મળી હતી કે સે-૨૩ સ્વામિનારાયણ મંદિર નજીક ઝાડીમાં એક શખ્સ લીલાવાદળી કલરના પટ્ટા વાળી ટીશર્ટ અને સફેદ પેન્ટ પહેરીને ઉભો છે તેની પાસે ગેરકાયદેસર પિસ્તોલ છે. આ બાતમીને આધારે એસ.ઓ.જીની ટીમ સ્થળ પર પહોંચી ગઈ હતી અને હાથ બનાવટની રૂ.૧૦ હજારની કિંમતની પિસ્તોલ સાથે તે શખ્સને પકડી પાડ્યો હતો. રાજસ્થાનનાં જોધપુર જીલ્લાનાં બાલીસર તાલુકામાં આવેલા બોડતા ગામનાં ૨૧ વર્ષિય યુવાન મહેન્દ્રસિંગ અરજણસિંગ રાજપુત(રાઠોડ) ની પિસ્તોલ સાથે ધરપકડ કરી એસ.ઓ.જી એ સે-૨૧ પોલીસને આરોપીને સોંપી દેતા સે-૨૧ પોલીસે ઉંડી પુછતાછ શરુ કરી છે.



# આગામી ૭મીએ એકઝીકયુટીવ માટેનો ભરતી મેળો યોજાશે

ગાંધીનગર, તા.૧

જિલ્લા રોજગાર વિનિમય કચેરી, ગાંધીનગર દ્વારા એચ.એસ.સી અને તેથી વધુ ભણેલા યુવાના માટે કસ્ટમર કેર એકઝીક્યુટીવ માટેની ભરતી તા. ૦૭/૦૯/૨૦૧૭ના સવારના ૧૧.૦૦ કલાકે ટેક મહિન્દ્રા ઈન્ફોસીટી ટાવર-૪, ૪ થો માળ ગાંધીનગર ખાતે યોજાશે. આ રોજગાર ભરતી મેળામાં ઉમેદવારોએ ફકત બાયોડેટાની ઝેરોક્ષ નકલ સાથે જ ઉપસ્થિત રહેવા રોજગાર અધિકારી, જિલ્લા રોજગાર વિનિમય કચેરીએ અખબારી યાદીમાં જણાવ્યું છે.

## આઈ લવ માય ગાંધીનગર



**ભરત ગજ્જર**
**પ્રમુખ, સ્મિત મ્યુઝિક**

**ગાંધીનગર ગમે**

સુંદર, હરિયાળું અને સારા લોકોનું નગર હોવાને કારણે ગાંધીનગર ગમે છે.

**નગરજનો**

શિક્ષિત, સંસ્કારી, નોકરીયાત, કલા-સંસ્કૃતિપ્રેમી અને સેવાભાવી નાગરિકો આ શહેરમાં વસે છે.

**પ્રવૃત્તિ, સંસ્થા ગમે**

સર્વ નેતૃત્ત્વ ગૃપ, શિવરંજની, જી ઈ કલબ, ગ્રો ફાઉન્ડેશન, કડી સર્વ વિશ્વવિદ્યાલય, જુનિયર સિટિઝન કાઉન્સિલ અને ગાંધીનગર કલ્ચરલ ફોરમની શિક્ષણ, સેવા તથા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ ગમે છે.

**નગરને બહેતર બનાવવા**

કલા સંવર્ધન માટે કલા તાલીમની જરૂરિયાત હું મહેસૂસ કરી રહ્યો છું.

**નગર માટે હું કરી શકું**

કલા સંવર્ધન અને વ્યક્તિત્વ વિકાસ માટે હું મારી સઘળી સેવાઓ શહેરને આપવા માટે તૈયાર, તત્પર છું.

# જિલ્લા શૈક્ષણિક સંઘ સંકલન સમિતિ દ્વારા પુરગ્રસ્તો માટે ૨૬ લાખની રકમ મુખ્યમંત્રી રાહત ફંડમાં અપાઈ

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર જિલ્લા શૈક્ષણિક સંઘ સંકલન સમિતિ દ્વારા આજ રોજ પાટણ-બનાસકાંઠા પુરગ્રસ્તો માટે રૂ. ૨૬ લાખ ૪૩ હજાર જેટલી માતબર રકમનો ચેક મુખ્ય મંત્રી રાહત ફંડમાં અર્પણ કર્યો છે. આજ રોજ માતબર રકમનો ચેક ગાંધીનગર જિલ્લા કલેકટર શ્રી સતીશ પટેલને અર્પણ કરવામાં આવ્યો હતો.

ગાંધીનગર જિલ્લા શૈક્ષણિક સંઘ સંકલન સમિતિ દ્વારા ગાંધીનગર જિલ્લાના ચારેય તાલુકાની માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક (ગ્રાન્ટેડ) શાળાઓના તમામ કર્મચારીઓ દ્વારા એકત્ર કરવામાં આવ્યો છે. આ રકમનો ચેક જિલ્લા શિક્ષણાધિકારી શ્રી એસ.એમ.બારડ, સંકલન સમિતિના પ્રમુખ શ્રી પ્રદિપસિંહ ચાવડા, અધ્યક્ષ શ્રી અર્જુનસિંહ વાઘેલા, ઉપપ્રમુખ શ્રી સુરેશભાઈ આઈ. પટેલ, મહામંત્રી શ્રી મફતભાઈ દેસાઈ, સંગઠનમંત્રી શ્રી પ્રવિણભાઈ પટેલ, ખજાનચી રમેશભાઈ ચૌધરી, પ્રવકતા શ્રી જયંતિભાઈ પટેલ અને કન્વીનર સુરેશભાઈ પટેલના હસ્તે કલેકટર શ્રી સતીશ પટેલને અર્પણ કરવામાં આવ્યો હતો.

એક સમય હતો જયારે ગામામાં બાળકો નદીને ન્હાવા જઈને ધુબાકા મારી મસ્તી કરતા હતા. આજના યુગમાં




પર્યાવરણની એટલી હદે ઘોર ખોદાઈ જવા પામી છે કે નદી હવે માત્ર પુસ્તકોના પાનાંઓ પુરતી મર્યાદિત રહી જાય તેવી સ્થિતિ સર્જાઈ રહી છે. આગામી સમયમાં દેશની મોટી નદીઓ સિવાય તમામ નાની નદીઓનું અસ્તિત્વ રહેશે કે કેમ તે અંગે પ્રશ્નાર્થ ખડો થયો છે. એક અંદાજ મુજબ વર્ષ ૨૦૩૦ સુધીમાં દેશમાં જેટલી જરૂરિયાત હોય તેનું ૫૦ ટકા પાણી જ ઉપલબ્ધ રહેશે. આ સંજોગોમાં નદીઓને બચાવી પુનઃ જીવિત કરવાનું અત્યંત આવશ્યક જણાય છે. આ સમયે ઈશા ફાઉન્ડેશન દ્વારા નદીઓ બચાવવા અભિયાન હાથ ધરાયું છે. જે અંતર્ગત ગાંધીનગરમાં સંસ્થાના કાર્યકર્તાઓ દ્વારા જાગૃતિ અભિયાન છેડવામાં આવ્યું હતું.

# બ્રાહ્મણ જીવનસાથી પસંદગી સંમેલનનું આયોજન

ગાંધીનગર, તા.૧

ગાંધીનગરના સમસ્ત બ્રહ્મ પરિવાર ટ્રસ્ટ દ્વારા ગુજરાતભરના લગ્નોત્સુક બ્રાહ્મણ યુવક યુવતિઓ માટે જીવનસાથી પસંદગી સંમેલન યોજવામાં આવ્યું છે. આ સંમેલન આગામી તા. ૨૪મી ડિસેમ્બરના રોજ અમદાવાદની સરખેજ-ગાંધીનગર હાઈવે સ્થિત ભાગવત વિદ્યાપીઠ ખાતે સવારે ૮ કલાકે યોજાશે. આ સંમેલનમાં ઉમેદવાર તરીકે સામેલ થવા ગાંધીનગરના સેકટર-૪-બીમાં પ્લોટ નં. ૧૧૬૭/બી/૨ ખાતે કેતન ઉપાધ્યાયનો સંપર્ક સાધવો અથવા તેમના મોબાઈલ નં. ૯૩૭૬૧૩૧૬૦૩ પર સપંર્ક સાધવા જણાવાયું છે. આ સંમેલનમાં ઉમેદવારોએ તેમના ફોર્મ ભરી પરત કરવાની છેલ્લી તારીખ ૩૦મી ઓકટોબર છે જેની નોંધ લેવા જણાવાયું છે.

# પદયાત્રીઓ ગરબાના તાલે ઝુમી ઉઠયા

**મહાકાળી મહાપ્રસાદ સેવા કેન્દ્ર ખાતે સુપ્રસિધ્ધ કલાકારો દર્શના વ્યાસ અને રતનસિંહ વાઘેલાની ધૂમ...!!**

ગાંધીનગર, તા.૧

ગાંધીનગરમાંથી પસાર થતા અંબાજીના પદયાત્રીઓ માટે ઠેર ઠેર વિવિધ સેવા કેન્દ્રોના આયોજનો હાથ ધરાયા હતા. શહેરના ક-૭ સર્કલ નજીક મહાકાળી મહાપ્રસાદ સેવા કેન્દ્ર ખાતે રાત્રિના સમયે ગુજરાતના ખ્યાતનામ કલાકારો દ્વારા ગરબા અને માતાજીના કિર્તનનો કાર્યક્રમ યોજવામાં આવતો હતો. આ કાર્યક્રમમાં ગુજરાતી સુપ્રસિધ્ધ ગાયકો રતનસિંહ વાઘેલા અને દર્શના વ્યાસે ભારે ધૂમ મચાવી હતી.

ભાદરવી પૂનમના મેળા સાથે જ રાજયભરમાં નવરાત્રિનો માહોલ છવાઈ જાય છે. રાજયભરમાંથી લાખો પદયાત્રીઓ 'જય અંબે'ના પોકાર કરતા કરતા અંબાજી તરફના માર્ગે ચાલતા જવા નીકળી પડે છે. આ પદયાત્રીની સેવા કરવા ઠેર ઠેર સેવા કેન્દ્રો અને વિસામાના આયોજનો હાથ ધરાય છે. આ સેવા કેન્દ્રો પર સતત ધાર્મિક અને ભકિતપૂર્ણ કાર્યક્રમોના આયોજનો થકી વાતાવરણને જીવંત અને શ્રધ્ધાભર્યું બનાવવામાં આયોજકો કોઈ કસર છોડતા નથી. ગાંધીનગર શહેર પણ અંબાજીના પદયાત્રીઓની સેવામાં હંમેશા અગ્રેસર રહે છે. આ સંજોગોમાં શહેરમાં યોજવામાં આવતા સેવા કેન્દ્રો સતત પદયાત્રીઓને તમામ પ્રકારની સુવિધા મીઠા આવકાર સાથે આપે છે. આ સાથે સેવા કેન્દ્રો પર ભકિતસંગીત, માતાજીના ગરબા-ધૂન વગેરેનું પણ આયોજન કરાય છે.






ગાંધીનગરના ક-૭ સર્કલ નજીક શહેરના વકીલ મિત્ર મંડળ દ્વારા આયોજિત મહાકાળી મહાપ્રસાદ સેવા કેન્દ્ર ખાતે દરરોજ રાત્રિના સમયે ગુજરાતના ખ્યાતનામ કલાકારોના ભકિત કાર્યક્રમ તથા ગરબાનું આયોજન હાથ ધરાયું હતું. આ કાર્યક્રમમાં રતનસિંહ વાઘેલા તથા દર્શના વ્યાસ જેવા જાણીતા લોકપ્રિય કલાકારોએ ભારે ધૂમ મચાવી હતી અને હકડેઠઠ મેદનીને ગરબે ઘુમતી કરી દીધી હતી. આ કાર્યક્રમમાં મધુર ડેરીના ચેરમેન શંકરસિંહ રાણા, ગુડાના ચેરમેન આશિષ દવે, સરકારી વકીલ હિતેષ રાવલ, એડવોકેટસ પ્રદિપસિંહ વાઘેલા, જગદીશસિંહ વાઘેલા તથા બ્રહ્મસમાજના અગ્રણી અશ્વિન ત્રિવેદી સહિત આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં પદયાત્રીઓ તથા અગ્રણીઓ સહિત ઉપસ્થિત પ્રેક્ષકો ગરબાના તાલે ઝુમી ઉઠયા હતા.

## ચિરવિદાય

- સ્વ. ચુનીલાલ ત્રિકમદાસ પટેલ, ઉ.વ. ૭૭
- સ્વ. રામચંદ્રસિંહ દિલીપસિંહ બિહોલા, ઉ.વ. ૨૬
- સ્વ. મધુબેન પ્રહલાદભાઈ ગજ્જર, ઉ.વ. ૭૫
- સ્વ. રમેશભાઈ ગગાભાઈ સોલંકી, ઉ.વ. ૪૫